| ફોજદારી કેસ નંબરઃ–54532 | વર્ષઃ–2019 |
|---|---|

**<u>આંક–૦૧ અન્વયે હુકમ</u>**

(૧) ફરિયાદીને સાંભળ્યા,પુરસીસ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામે સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરિયાદી/ભોગ બનનારનાઓ અત્રેની અદાલત સમક્ષ હાજર છે. ફરિયાદી/ભોગ બનનારે હાજર થઈને આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાની પુરસીસ રજુ કરેલ છે તેઓ કોઈ પુરાવો આપવા માંગતા નથી. તેઓએ આરોપી વિરૂદ્ધનો ગુનો દર ગુજર (કમ્પાઉન્ડ) કરેલ છે અને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરિયાદી/ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોક્ત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરિયાદી/ભોગ બનનારે આપેલ પુરસીસમાં આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરૂદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કંમ્પાઉન્ડ કરી શકે કે કેમ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

*૧. વાય.પી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબરઃ૯૨૮.*

*૨. યેસુદાસ એન્ડ અધર્સ વિ.પી.એસ.આઈ.કહ્યામેસરી એન્ડ અધર્સ ૨૦૦૮ ક્રિ.લો.જ.પાન નંબરઃ૧૨૯૦.*

(૩) ઉપરોકત ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

એ. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે,દ્વીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરિયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુક્ત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહી.

ડી. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

ઈ. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોક્ત ચુકાદાઓમાં ઠરાવેલા સિદ્ધાંત ધ્યાને લીધા.સદર સિદ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ મુજબ ગુનો દર ગુજર માફ (કમ્પાઉન્ડ) કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી.જો કે હાલના કેસમાં ફરીયાદીએ સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. ફરિયાદીની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુંકસાન થતુ હોય તેમ જણાતુ નથી.વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવશે તે રીતે ફરજ પાડવામાં આવે તો પણ કેસના પરિણામમાં કોઈ ફરક પડશે નહી. ફરિયાદી/ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે કંમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોઈ આરોપી હાજર નથી તે જ કારણોસર ફરિયાદી/ભોગબનનારની પુરસીસ ગ્રાહ્ય ન રાખવાથી અર્થહીન કાર્યવાહી થશે અને ફરિયાદી/ભોગ બનનારને અદાલત ફરી આવવાનું થશે તેમજ સરકારી નાણાંનો વ્યય થશે.

(૫) આમ ઉપરોક્ત તમામ ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદી/ભોગ બનનારની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>- હુ ક મ -</u>**

૧. આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦(૧)(૨),(૮) અન્વયે ચાર્જશીટમાં જણાવેલ ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ શરતો ઉઠાવી લઈ કાયમ કરવામાં આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

આ હુકમ આજ તારીખ-૨૨મી માહે-જૂન સને-૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :-૨૨/૦૬/૨૦૨૪
સ્થળ :-અમદાવાદ.

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(Code: GJ00886)